દિવ્ય ભાસ્કર ૦૩.૧૦.૦૮

# ઘોડિયાલ ગામમાં ટપક-ફુવારા ક્રાંતિ

## સો ટકા ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવતું રાજ્યનું પ્રથમ ગામ બનશે



**રણજિતસિંહ હડિયોલ** | પાલનપુર

રાજ્ય સરકાર હરિયાળુ ગુજરાતના સંકલ્પને સાર્થક કરવા તનતોડ પ્રયાસો કરી રહી છે ત્યારે બનાસકાંઠાના વડગામ તાલુકાના ઘોડિયાલ ગામના ખેડૂતોએ માત્ર જિલ્લામાં નહીં પણ કૃષિનેત્રે રાજ્યમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ગામના ૮૦ ટકા ખેડૂતો ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરી આર્થિક સમૃદ્ધિ મેળવી રહ્યા છે ત્યારે ગામમાં પિયતથી ખેતી કરતા ૨૦ ટકા ખેડૂતો પણ ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવે અને ઘોડિયાલ ગામ સો ટકા ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરતું રાજ્યનું પ્રથમ ગામ બને તે માટે તંત્રએ ક્વાયત હાથ ધરી છે.

ઘોડિયાલ ગામમાં કુલ ૩૩૧ ખેડૂતો છે. જેમાંથી ૨૬૫ ખેડૂતો છેલ્લા ત્રણ વર્ષથી ૨૪૮ હેક્ટર જમીનમાં ટપક અને ફુવારા પદ્ધતિથી આધુનિક ઢબે ખેતી કરી રહ્યા છે. આ ગામના ખેડૂતો ચીલાચાલુ ખેતી છોડી છેલ્લા ત્રણ વર્ષથી ઘઉ, બાજરી, રાયડો, દિવેલા સહિત મગફળી, બટાકા, કઠોળ અને બાગાયતની ખેતી કરી રહ્યા છે અને તે ખેતી તદ્દન આધુનિક ઢબથી કરી રહ્યા છે.

સામાન્ય પણે જે વિસ્તારમાં ભૂગર્ભ ...અનુસંધાન પાના નં. ૧૧

દિવ્ય ભાસ્કર ૦૩.૧૦.૨૦૦૮

દિવ્ય ભાસ્કર ૦૩.૧૦.૦૮

ખેડૂતો પાણી બચાવવા અને ઓછા પાણીમાં સારી ખેતી કરવા માટે ટપક અને ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવા મજબૂર બને છે પરંતુ ઘોડિયાલ ગામ મુક્તેશ્વર ડેમ નજીક આવેલું હોવાથી જમીનમાંથી માત્ર ૧૦૦થી ૧૫૦ ફૂટ ઊંડેથી ભૂગર્ભ જળ પુરતા પ્રમાણમાં મળી રહે છે. આમ છતાં આ ગામના ખેડૂતો પોતાના ગામની જમીનના તળમાં ભૂગર્ભ જળ કાયમ માટે જળવાઈ રહે અને તેનો ખોટો બગાડ થતો બચે તે હેતુથી ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવી હોવાનું ગામના ખેડૂતોએ જણાવ્યુંહતું.

ઘોડિયાલ ગામના ૮૦ ટકા ખેડૂતો અત્યારે ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરે છે પરંતુ ગામમાં ચીલાચાલુ ઢબે ખેતી કરતા ૨૦ ટકા ખેડૂતોને પણ ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરવા આકર્ષી ઘોડિયાલ ગામને સો ટકા ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવતું રાજ્યનું પ્રથમ ગામ બનાવવા જિલ્લા કલેકટર આર.જે. પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી એ.એમ. પરમારે ક્વાયત હાથ ધરી છે. જેના ભાગરૂપે ઘોડિયાલ ગામના આદર્શ ખેડૂત ભીખાભાઈ ગોળ દ્વારા એક ખેડૂત શિબિરનું આયોજન કરાયું હતું. જે શિબિરમાં જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીની સાથે જિલ્લા ખેતીવાડી અધિકારી કે.ડી. કાગ, વડગામ મામલતદાર બી.એસ. દરજી, વડગામ ટીડીઓ જી.એસ. નાયક સહિત ઘોડિયાલ ગામ અને તાલુકાના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. તંત્ર દ્વારા ગામના ખેડૂતોને સરકાર દ્વારા મળતી સબસીડી અને લાભો અપાવવાની ખાતરી આપી હતી.

**ધિરાણની સો ટકા રિકવરી આર્થિક સમૃદ્ધિની નિશાની છે : બી.ડી. રાઠોડ (મે. બરોડા બેન્ક)**

'ઘોડિયાલ ગામના ખેડૂતોને બરોડા બેન્કની વડગામ શાખા દ્વારા ગત વર્ષે ૩.૫ કરોડનું ધિરાણ અપાયું હતું. જે ધિરાણ ચાલુ વર્ષે ખેડૂતોએ સમયસર ભરી દીધું છે. તે વાત જ ઘોડિયાલ ગામના ખેડૂતો આર્થિક સમૃદ્ધ હોવાની નિશાની છે. જ્યારે બેન્કના રેકર્ડ પર ઘોડિયાલના ખેડૂતો ધિરાણની રિકવરીમાં પ્રથમ નંબરે હોવાથી ઘોડિયાલના ખેડૂતોને બેન્ક ધિરાણ આપવામાં જરા પણ ખચકાતી નથી.

**ટપક અને ફુવારા પદ્ધતિથી ભાગ્ય ખુલી ગયા છે : ભીખાભાઇ ગોળ (આદર્શ ખેડૂત)**

અમો પહેલાં ચીલાચાલુ રીતે સામાન્ય ખેતી કરતા હતા પરંતુ ગામમાં સરકારી તંત્ર અને ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન આપતી સંસ્થાઓ દ્વારા ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરવાની પ્રેરણા આપતાં અમો અગાઉ ખેતીમાં ખોટ કરતા હતા પણ હવે પાકમાં ૫૦ હજારના ખર્ચ સામે એક લાખ રૂપિયા કમાઈ ૫૦ ટકા જેટલો નફો કરીએ છીએ માટે ટપક અને ફુવારા પદ્ધતિથી અમારા ભાગ્ય ખુલી ગયા છે.

**ગામને રાજ્યનું કૃષિ તીર્થ બનાવવું છે : ભગવતીબહેન જોષી, સરપંચ**

અમારા ગામને સો ટકા ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરતું રાજ્યનું પ્રથમ ગામ બનાવવાની સાથે-સાથે ગામના ખેડૂતો દ્વારા ખેતીમાં નવા પ્રયોગ કરી ગામને રાજ્યનું કૃષિ તીર્થ બનાવવું છે.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક અરવિંદભાઈ પટેલે ઘોડિયાલ ગામના પ્રગતિશીલ ખેડૂતોનો કૃષિ પ્રત્યે ઉત્સાહ જોઈને ગામમાં તમામ ખેડૂતોને આધુનિક ખેતી તરફ વાળવા યોગ્ય માહિતી, માર્ગદર્શન અને સરકારી લાભો આપવા ગામને દત્તક લીધું હતું.